

નવરાત્રીના આડે હવે માત્ર ચાર જ દિવસ બાકી છે છતાં બજારમાં પૂજાપાની દુકાનોમાં નહિવત ઘરાકી છે...આ વખતે માત્ર આરતી જ કરવામાં આવશે. ગરબા માટેની પરવાનગી અપાઈ ન હોવાથી આ વર્ષે નવરાત્રીનો ઉત્સાહ સાવ ઠંડો જોવા મળી રહ્યો છે. બજારોમાં ક્યાંય ભીડ જોવા મળતી નથી. પૂજાપાની દુકાનોમાં છુટીછવાઈ ઘરાકી જોવા મળે છે. ચણીયાચોળી, ઓર્નામેન્ટ્સ કે અન્ય એસેસરીઝની ખરીદી આ વર્ષે નહીવત હોવાથી વેપારીઓમાં નિરાશા જોવા મળી રહી છે.

પેટાચૂંટણી માટે ભાજપના ૭ ઉમેદવારની જાહેરાત

ભાજપ પાર્ટીનું લીંબડીમાં કોકડું ગૂંચવાયું : ગઢડા-ડાંગ બેઠક પર પૂર્વ મંત્રી અને ભાજપના ઉમેદવારને ટિકિટ આપી, બાકીના કોંગ્રેસથી આવેલા ઉમેદાવારોને ટિકિટ

ગાંધીનગર,તા.૧૧

ભારતીય જનતા પાર્ટીએ આગામી વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૮માંથી ૭ બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપે મોરબી, ધારી, અબડાસા, ડાંગ, કરજણ, ગઢડા, કપરાડા બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે. આ ચૂંટણીમાં ભાજપે લિંબડી સિવાયની તમામ બેઠકોના ઉમેદવાર જાહેર કર્યા છે. આ બેઠકોમાં એક ગઢડા-ડાંગ બેઠક પર પૂર્વ મંત્રી અને ભાજપના ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે અન્ય બેઠકો પર કોંગ્રેસમાંથી આવેલા ઉમેદાવારોને ટિકિટ આપી છે. ભાજપે આ બેઠકોમાં મોરબીથી બ્રિજેશ મેરજા, અબડાસામાં પ્રદ્યુમનસિંહ જાડેજા, કપરાડામાં જીતુ ચૌધરી, કરજણમાં અક્ષય પટેલ, ધારીમાં જેવી કાકડિયા, ગઢડાથી આત્મારામ પરમારને ટિકિટ આપી છે. કોંગ્રેસમાં મોટાપાયે તોડફોડ થતાં માર્ચમાં ૫ અને તે પછી ત્રણ ધારાસભ્યો મળીને કોંગ્રેસના કુલ ૮ ધારાસભ્યોએ રાજયસભાની ચૂંટણી પહેલા રાજીનામા આપ્યા હતા જેના પગલે આ બેઠકો ખાલી પડી છે. કપરાડામાંથી જીતુ ચૌધરી, ડાંગમાંથી મંગળ ગાવિત, લીંબડીમાંથી સોમા પટેલ, ગઢડામાંથી પ્રવિણ મારૂ, ધારીમાંથી જેવી કાકડીયા, મોરબીમાંથી બ્રિજેશ મેરજા, કપરાડામાંથી અક્ષય પટેલ અને અબડાસામાંથી પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજીનામાં આપ્યાં હતાં. લીંબડી બેઠક પર ભારતીય જનતા પાર્ટીના પૂર્વ ધારાસભ્ય કિરિટસિંહ રાણા ઉમેદવાર માનવામાં આવતા હતા. જોકે, કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર સોમા પટેલે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરતા ભાજપ ગુંચવાયું હોય તેવું જણાઈ રહ્યું છે. સોમાભાઈ પટેલે ભાજપમાં જોડાયા ન હોવાથી પક્ષે તેમને ટિકિટ નથી આપી પરંતુ કોંગ્રેસે તેમને ટિકિટ ન આપવાની સ્પષ્ટ ના કહી દીધી છે.

પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ ધ્યાનમાં લઈને ભારતના ચૂંટણી પંચના દિશા નિર્દેશોને પગલે રાજ્ય સરકારે ચૂંટણી પ્રચાર સંદર્ભે કેટલીક માર્ગદર્શક અગત્યની સૂચનાઓ એસઓપી જાહેર કરી છે. આ સૂચનાઓનોનું પાલન સાથે પેટા ચૂંટણીઓ માટેનો પ્રચાર કરી શકાશે. નોંધનીય છે કે, અબડાસા, ધારી, લિંબડી, કરજણ, ઓલપાડ, ગઢડા, ડાંગ, મોરબી વિધાનસભાની ખાલી પડેલી બેઠકો પર પેટા ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ચૂંટણી પંચના મતે ૩ નવેમ્બરે મતદાન યોજાશે અને ૧૦ નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

શહેરમાં વધુ ૧૮ કોરોનાથી સંક્રમિત

સે.૭ માંથી ૫ અને સે. ૪ માંથી ૪ સહિત ૧૮ લોકો સંક્રમિત થયા : ૪ માસની આયુ ધરાવતી બાળકી પણ કોરોનાથી સંક્રમિત થઈ : આજે શહેરમાં સે. ૭ માંથી ૫, સે. ૪ માંથી ૪, જીઈબીમાંથી 3 ઉપરાંત સેક્ટર-૧૬, ૨૩, ૨૫, ૨૬ અને 3 અને ૧૩ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચ રોડ અને ઘ રોડ વચ્ચે વિકાસ પામેલ સે. ૭ માંથી આજે એક દિવસમાં કોરોના પોઝીટીવના પાંચ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

શહેરમાં કોરોનાના કેસો રોકેટગતિએ વધી રહ્યા છે. આજે શહેરમાં કોરોનાના ૧૮ કેસ નવા નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૫૨૩ થઈ છે. જે ગતિએ કેસો વધી રહ્યા છે તે ચિંતાનો મુદ્દો બન્યો છે.

આજે શહેરમાં એક ચાર મહિનાની આયુ ધરાવતી બાળકીનો રિપોર્ટ તેના માતા-પિતા સાથે પોઝીટીવ આવ્યો છે. નાના ભૂલકાંઓ પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે. શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે.

આજે શહેરમાં સે. ૭ માંથી ૫, સે. ૪ માંથી ૪, જીઈબીમાંથી ૩ ઉપરાંત સેક્ટર-૧૬, ૨૩, ૨૫, ૨૬ અને ૩ અને ૧૩ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં જે કેસો વધી રહ્યા છે તેને લઈ કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા વધુ ને વધુ દૃઢ થઈ રહી છે.

સે. ૧૬ માંથી ૪૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગરના સીમાડે આવેલ જીઈબીમાં માતા-પિતા અને ચાર મહિનાનું નાનકડુ ફૂલ પોઝીટીવ આવતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા ૩૬ વર્ષીય યુવાનના પરિવારમાં આજે એક સાથે ૩ કેસ નોંધાયા છે. ૩૫ વર્ષીય પત્ની અને ૪ માસની આયુ ધરાવતી દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબી સંકુલમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર પણ ચિંતીત બન્યુ છે.

સે. ૧૩ માંથી એક ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે કોલવડા કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૩ માં રહેતા અને સે. ૨૧માં કપડાની દુકાન ધરાવતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩માં રહેતા અને સ્ટાફ બ્રધર તરીકે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સારવાર માટે જતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫માં રહી અને અભ્યાસ કરતી ૨૩ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ સે. ૭ માં આજે એક જ દિવસમાં પાંચ કેસ નોંધાયા છે. જેમાં એક દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. સે. ૭ માં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે.

સે. ૭ માં રહેતા અને એરફોર્સ એમ.ટી.એસ. લેકાવાડા ખાતે ફરજો બજાવતા ૪૨ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માં રહેતા અને કુટિર ઉદ્યોગ કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા ૫૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ગાંધીનગર મનપામાં ઈલેક્ટ્રીક ઈજનેર તરીકેની ફરજો બજાવતા અને સે. ૭ માં રહેતા ૩૦ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવા અધિકારીએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માં રહેતા અને રાજ્ય રોડ સેફટી ઓથોરીટીમાં ફરજો બજાવતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવા કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૭ કેસ

સતત દર્દીઓની સંખ્યામાં ચડાવ-ઉતારથી તંત્ર ચિંતીત : ગાંધીનગરમાં ૯, માણસામાં ૬, દહેગામ-કલોલમાં ૧-૧ કેસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૭ કેસ નોંધાયા છે. રાજ્ય સરકારે ગ્રામીણ વિસ્તારમાં ૨૩ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં કેસોની સંખ્યામાં સતત ઉતાર-ચડાવ જોવા મળી રહ્યો છે તેને લઈ તંત્રની પણ દોડધામ સતત રહેવા પામી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૯ કેસ નોંધાયા છે. દહેગામમાં ૧, માણસામાં ૬ અને કલોલમાં ૧ કેસ નોંધાયો છે.

રાંધેજા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. રાંધેજામાંથી નિવૃત્ત કર્મયોગી ૬૦ વર્ષીય તેમજ ખાનગી નોકરી કરતી ૨૨ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કોબા ગામે કોરોનાએ તેની પુનઃ હાજરી પુરાવી છે. કોબામાં સરકારી નોકરી કરતી ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાયસણમાંથી પણ ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આલનપુર મીલીટ્રી સ્ટેશનમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૨૭ વર્ષીય જવાન અને ૨૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામે પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સરગાસણમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. ૩૮ વર્ષીય વેપારી અને ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મગોડી ગામેથી ૫૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકાના શિયાવાડા ગામેથી ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસામાં પણ કેસોની સંખ્યા જે વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તાલુકાના ઈટાદરા ગામેથી બે કેસ મળ્યા છે. ૫૭ વર્ષીય ખેડૂત અને ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

પ્રસિદ્ધ જૈન યાત્રા તીર્થ તરીકે ઓળખાતા મહુડી ખાતેથી આજે એક જ દિવસમાં ત્રણ કેસ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

ફી ઘટાડાની જાહેરાત સાથે શાળાઓની ઉઘરાણી શરૂ : પ્રવેશ રદની પણ ચિમકી

કેટલીક શાળાઓ ઓનલાઇન શિક્ષણ આપતા ગૃપમાં જ ફી ચુકવી દેવાના મેસેજીસ કરે છે : ફી નહીં ચુકવાય તો પ્રવેશ રદ કરવાની સુચના : વાલીઓને મુંઝવણ

ગાંધીનગર તા ૧૧

કોરોના કાળમાં શૈક્ષણિક કામગીરી ગોથે ચઢી છે. છેલ્લા આઠ મહીનાથી શાળા કોલેજો બંધ છે. કોરોનાના કહેર વચ્ચે ઓનલાઈન શિક્ષણ આપવાનો નવો ટ્રેન્ડ શાળા કોલેજોએ અપનાવી લીધો છે. શાળાઓ બંધ છે. ત્યારે ફી ના મુદ્દે પણ અનેકવાર વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે રકઝક થઈ હોવાના દાખલા છે. જો કે સરકારે હમણાં જ ૨૫ ટકા ફી ઘટાડાની જાહેરાત કરતા શાળા કક્ષાએથી વાલીઓ પાસે ફીના ઉઘરાણા શરૂ થઈ ગયા છે. ઓનલાઈન શિક્ષણ આપતા ગૃપમાં પણ ફી વસુલીના મુદ્દે મેસેજી ફરતા થઈ ગયા છે. જયારે ફી નહીં ભરનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે તેવી ચિમકી પણ મળતી હોવાની ફરિયાદો સાથે વાલીઓમાં રોષ પ્રવર્તયો છે.

કોરાનાકાળમાં વિદ્યાર્થીઓની ફી માં ૨૫ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત સરકારે કરી છે. એકબાજુ અત્યાર સુધી આ મામલે અસમંજસ જેવી સ્થિતિમાં વાલીઓ પણ પરેશાન હતા વાટાઘાટો અને વિરોધ પ્રદર્શન બાદ સરકારે શાળાઓ બંધ છે તેવા સંજોગોમાં ફી ઘટાડાનો નિર્ણય કર્યો છે. ફી ઘટાડાની જાહેરાતના અંતે સ્કુલો આ જાહેરાતના અંતે વાલીઓને સરકારની સુચના મુજબ ૨૫ ટકા બાદના અંતે બાકી રહેતી ફી ચુકવી દેવા માટે મેસેજીસ કરવામાં આવી રહ્યા છે. શહેરની ગ્રાન્ટેડ અને ખાનગી શાળાના સંચાલકોએ વાલીઓને ફી ભરવા માટે રીમાઈન્ડર આપી દીધા છે. જયારે ફી નહીં ભરાય તો પ્રવેશ રદ કરવામાં આવશે અને આ માટે શાળા સંચાલકો જવાબદાર રહેશે નહી તેમ પણ મેસેજીના માધ્યમથી જણાંવામાં આવી રહ્યુ છે. કેટલીક શાળાના સંચાલકોએ ઓનલાઈન એજ્યુકેશન ગૃપમાં જ ફી નહીં ભરો તો ગૃપમાંથી રીમુવ કરવાની આડકતરી ધમકી આપવામાં આવી રહી છે. બીજીતરફ કેટલીક શાળાઓ દ્વારા જેમણે પ્રથમ સત્રની ફી ન ચુકવી હોય તેવા કિસ્સામાં વાલીઓને ફી ભરી દેવા માટે સુચના આપવામાં આવી રહી છે. દિવાળી પુર્વ પ્રથમ સત્રની સમાપ્તી ટાંણે વાલીઓને ફી ભરવા માટે મેસેજ કરવામાં આવ્યા છે. ત્યારે વાલીઓ પણ કોરોના કાળમાં

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોમાં કંગાળ હાલતમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા

મોટાભાગની સ્ટ્રીટ લાઈના ઢાંકણો પણ ખુલ્લા : સેકટરોના આંતરિક વિસ્તારમાં વર્ષોના અંતે લાઇટીંગ પોલ્સને કલરકામ પણ કરવામાં આવ્યુ નથી : સ્ટ્રીટ લાઇટના ખુલ્લા ઢાંકણો પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત

ગાંધીનગર તા ૧૧

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ રહેતા હોવાની અનેક ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. લાઈટો ડુલ હોવાની સાથે કટાયેલા અને કંગાળ થાંભલાના ઢાંકણો પણ ખુલ્લા જોવા મળી રહ્યા છે. ખુલ્લા અને ભયજનક થાંભલા ગમે ત્યારે જાનલેવા અકસ્માતનુ કારણ બને તેવી દહેશત પણ સ્થાનિકોમાં પ્રવર્તી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના નામે મીંડુ છે. ત્યારે ફરિયાદો દુર કરવાની સાથે જોખમી સ્થિતિ નિવારવા પણ ત્વરિત પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હોવાની ફરિયાદો સતત ઉઠતી રહે છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેક્ટ અમલી થયા બાદ તંત્રને વિજબીલમાં પણ રાહત થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર

જેટલા લાઈટના થાંભલા છે. જયારે હાલ એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનનુ ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે સેકટરોના રીંગ રોડ પર મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ છે. આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટની સેવા લાંબા સમયથી ખાડે ગઈ છે. બીજીતરફ બંધ સ્ટ્રીટ લાઈટના થાંભલા નાગરિકો માટે પણ જોખમી પુરવાર થઈ રહ્યા છે.નમી પડેલા પોલ્સ બદલવાની કામગીરી પણ હજુ હાથ ધરાઈ નથી આવા સંજોગોમાં શહેરમાં જાહેરાતનુ માધ્યમ બનેલા લાઈટના થાંભલા ખુલ્લા અને જોખમી હાલતમાં હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. સેકટરોમાં કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળતા થાંભલાના ઢાંકણો પણ ખુલ્લા જોવા મળે છે. જે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત પણ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને સમયસર કલરકામ પણ થતુ નથી વાઈબ્રન્ટ સમિટની ઉજવણી વેળાએ નગરને સોહામણુ દેખાડવા માટે મહાનુભાવોની અવરજવરવાળા માર્ગો પર થાંભલાને રંગરોગાન કરી દેવામાં આવે છે. પરંતુ સેકટરોમાં હજુ કટાયેલા થાંભલા કંગાળ હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાની ફરિયાદો દુર થતી નથી જયારે થાંભલાનુ કલરકામ પણ હાથ ધરાતુ નથી. બીજીતરફ ઢાંકણ વગરના થાંભલાઓની સંખ્યા પણ વિશેષ છે.

૧૩ ગામોમાં મગફળીના રજીસ્ટ્રેશનમાં ટેકનીકલ ક્ષતિ : તંત્રએ સરકારને પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં મગફળીનુ ટેકાના ભાવે વેચાણ કરવા માટે ૨૫૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવી દીધુ છે.

જો કે ૧૩ જેટલા ગામોમાં ખેડૂતોના રજીસ્ટ્રેશન માટે સમસ્યાઓ આવી રહી હોવાથી તંત્રએ આ બાબતે ઉચ્ચકક્ષાએ રજુઆતો કરી અને ઝડપથી સમસ્યાનું નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલના ૧૨ ગામ માણસામાં ગયા અને માણસાનું એક ગામ ગાંધીનગરમાં ભેળવવામાં આવ્યુ છે. આ ગામોમાં આઈપીડીએસ પોર્ટલ પર રજીસ્ટ્રેશનને લઈ તકલીફો પડી રહી હોવાનું ધ્યાને આવ્યુ છે. સંપૂર્ણ રીતે ટેકનીકલ સમસ્યા હોવાથી તંત્રએ આ મુદ્દે પત્રવ્યવહાર કરી અને ઝડપથી આ સમસ્યાનો ઉકેલ લાવવા સરકારને જણાવ્યુ છે.

બેસણું

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
શ્રીમતી ચંદ્રાબેન સુરેશકુમાર શ્રીમાળી
ગામ : ખેરાલુ (માજી ધારાસભ્યશ્રી અને સાહિત્યકાર) નું તા.૧૦-૧૦-૨૦૨૦ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તથા સામાજીક લૌકિકક્રિયા વર્તમાન પરિસ્થિતિ (કોરોના) ને ધ્યાનમાં રાખીને સદંતર મોકૂફ રાખેલ છે.

સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું
તા.૧૨-૧૦-૨૦૨૦ ને સોમવારના રોજ રાખેલ છે.

શ્રી ભાર્ગવ એસ. શ્રીમાળી (પુત્ર) મો.૮૪૦૧૦ ૧૩૩૮૬
લિ.
શ્રી હિમાંશુ એસ. શ્રીમાળી (પુત્ર) મો.૯૭૩૭૧૯૩૩૧૨

જિલ્લામાં મોંઘી મજૂરીના દર ખેડૂતો માટે શિરદર્દ બન્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાક તૈયાર થઈ ગયો છે અને કેટલાક પાકોની આવક માર્કેટ યાર્ડોમાં શરૂ થઈ ગઈ છે પરંતુ મજૂરીના વધતા જતા દરોને પગલે ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ખરીફ વાવેતર જિલ્લામાં ૯૫ ટકાથી વધુ થયુ હતુ. ચોમાસુ પણ સારૂ રહેતાં ખેડૂતોને સારા ઉત્પાદની આશા છે પરંતુ જે રીતે મજૂરીના ભાવ ઉંચકાયા છે તેને લઈ ખેડૂતો માટે મોટી સમસ્યા ઉભી થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કપાસની વીણીનો રોજ ૨૦૦ થી ૨૫૦ ચાલે છે જ્યારે મગફળીને ખોદી કાઢ્યા પછી થ્રેસર સુધી લઈ જવાનો ભાવ ૩૫૦૦ થી ૪૦૦૦ વિઘાનો ભાવ મજૂરીનો છે. આમ ખેડૂતને ફાયદો જે મળવો જોઈએ તેટલો મળે તેવી સ્થિતિ નથી અને તેથી મજૂરોના દર એ તેના માટે સમસ્યા બનીને ઉભરી રહ્યા છે.

ચોમાસુ પણ સારૂ રહેતાં ખેડૂતોને સારા ઉત્પાદની આશા છે પરંતુ જે રીતે મજૂરીના ભાવ ઉંચકાયા છે તેને લઈ ખેડૂતો માટે મોટી સમસ્યા ઉભી થવા પામી છે

હાલ મજૂરોની તંગી પણ જિલ્લામાં છે અને પાકનું ઉત્પાદન પણ થઈ ગયુ છે. ઉંચી મજૂરીના કારણે જ બજારમાં મગફળીની આવકમાં વિલંબ દેખાઈ રહ્યો હોવાનું પણ ખેડૂતોની ચર્ચામાં સાંભળવા મળી રહ્યું છે.

જિલ્લામાં આ વખતે કપાસના ભાવ પણ બહુ જણાયા નથી. આ મજૂરીના દર જોતાં ખેડૂતને માંડ રૂ. ૧૦૦ મળી શકે.

ખેડૂતોએ મગફળીનું પણ ટેકાના ભાવે વેચાણ કરવામાં સારો રસ મજૂરીના વધેલા દરોને કારણે દાખવ્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે.

જો કે ખેડૂતો દ્વારા હાલ તો પાકને બહાર લાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. જોઈએ મગફળીના કેવા ભાવ ઉપજે છે. હજુ બજારમાં મગફળીને આવકને એકાદ સપ્તાહનો સમય લાગશે તેમ મનાઈ રહ્યુ છે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com